Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તંત્રી

ચીમનલાલ ગોકળદાસ શાહ

તા. ૧૫-૫-૫૩ : અમદાવાદ

વર્ષ ૧૮ : અંક : ૮ ]   [ ક્રમાંક : ૨૧૨

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषय-दर्शन


| અંક : | વિષય : | લેખક : | પૃષ્ઠ : |
|---|---|---|---|
| ૧. | વર્ષીતપનો મહિમા : | પૂ. આ. શ્રી. જંબૂસૂરિજી મહારાજ | : ૧૨૧ |
| ૨. | ઇશ્વિરીતત્ત્વ : | શ્રીયુત વસંતલાલ કાંતિલાલ શેઠ, બી. એ. | : ૧૨૩ |
| ૩. | શ્રી. મહાવીર અને ગોશાલક : | શ્રી. જયભિખ્ખુ | : ૧૨૫ |
| ૪. | સમરાઇચ્ચિકહા-પરિચય | પૂ. પં. શ્રી. ધુરંધરવિજયજી | : ૧૩૩ |
| ૫. | સાહ રાજસી રાસકા ઐતિહાસિક સાર— —શ્રી. મેઘ મુનિરચિત : | શ્રી. ભંવરલાલજી નાહટા | : ૧૩૭ |
| ૬. | ષટ્દર્શનિયોકે ૧૦૨ નામ : | શ્રી. અગરચંદજી નાહટા | : ૧૪૨ |
| ૭. | સાભાર સ્વીકાર : | | ટાઇટલ પેજ ત્રીજું |


ACHARYA SRI KAI... MAHAVIR ... Koba Gand... Ph. : (079) 23... Fax : (0...

[ અનુસંધાન પેજ ૧૨૨ થી ચાલુ ]

કરાતો મહાન વર્ષીતપ જ છે. આ તપમાં ભગવાન શ્રી. ઋષભાદિ જિનવરોનું જે ધ્યાન વગેરે સેવાય અને તીર્થાધિરાજ શ્રી. સિદ્ધગિરિજીની પતિત પાર્વની વેયાવચ્ચ-સેવા આદિ કરાય તેનાથી આભ્યંતર તપનો પણ અંતરાત્માને લાભ મળે છે, ખુદ શ્રી. જિનેશ્વર ભગવાનોએ પણ તપ સેવવામાં શરીરની સુકામલતા કે પ્રમાદ-આળસને આડે આવવા દીધાં નથી. તો આજની પ્રજાએ પણ 'આ તો કેવલ બ્રહ્મતપ છે, અથવા શરીરને કષ્ટ છે' એમ સમજી તપમાં આળસુ કે પ્રમાદી બનવું જોઈએ નહિ. શ્રમ વિના સિદ્ધિ નથી. આત્માની અનન્ત ઋદ્ધિની સિદ્ધિ જો તમારે કરવી હશે તો તપનો શ્રમ પણ શરીરને આપવો તો પડશે જ. ભોગમાં પડીને શરીર પાપસાધન બને તેના કરતાં તપશ્ચર્યા સેવીને શરીર ધર્મસાધન બને તે જ હિતાવહ છે. અરે, તે જ આ તુચ્છ શરીરનું ઉચ્ચ ફલ છે. એવી કોઈ સિદ્ધિ નથી કે જે તપથી સિદ્ધ ન થાય. દેવ દાનવ પણ તપની અનન્ત શક્તિ આગળ નમી જાય છે, જીવને મહાબંધન રૂપ ઇધિરઉધરની ઇચ્છાઓનો નિરોધ-રુકાવટ આનાથી થાય છે અને આત્માની દિવ્ય સહન શક્તિનો અજબ વિકાસ થાય છે.

અંતે શ્રી. વીતરાગ દેવોની આજ્ઞાને શ્રદ્ધાપૂર્વક તપમાં અપ્રમત્ત, ક્રોધાદિકનાં કલંક દૂર કરીને ક્ષમા તથા સમતાને પોતાનો પ્રાણ બનાવીને, આવા મહાન પ્રભાવી-વિઘ્ન વિદારક-મંગલકારી-શાસનના સુવિહિત તપો આદરવામાં સૌ કોઈ પ્રવીણ બનો એ જ શુભેચ્છા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र
जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

| | | |
|---|---|---|
| वर्ष : १८ | વિક્રમ સં. ૨૦૦૯ : વીર નિ. સં. ૨૪૭૯ : ઈ. સ. ૧૯૫૩ | क्रमांक |
| अंक : ८ | દ્વિ૦ વૈશાખ સુદિ ૨ : શુક્રવાર : ૧૫ મે | २१२ |

# વર્ષીતપનો મહિમા

લેખકઃ—પૂજ્ય આચાર્ય શ્રી વિજયજંબૂસૂરિજી

**આ** અવસર્પિણીકાલના પ્રથમ તારક, પ્રથમ ઉપકારક, પ્રથમ નરપતિ, પ્રથમ તીર્થપતિ શ્રી. યુગાદિદેવ થયા હતા. તેમના પિતાનું નામ નાભિ કુલકર અને માતાનું નામ મરુદેવી હતું. તેમનું ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય હતું. પંચ (ચ્યવન–જન્મ–દીક્ષા–જ્ઞાન અને નિર્વાણ) કલ્યાણકમય તેમનું જીવન અતિપવિત્ર હતું. લોકકલ્યાણ અર્થે તેમણે ગૃહવાસમાં હતા ત્યારે ઉચિત પ્રજાવ્યવહાર પ્રવર્તાવ્યો હતો અને સંસારત્યાગ કર્યા પછી શ્રેષ્ઠ એવો ધર્મ વ્યવહાર માર્ગ પ્રવર્તાવ્યો હતો. તે સમયે યુગલિક લોકોનો વિનય જોઈને ઇન્દ્રે પોતાના વૈશ્રમણ દેવને આજ્ઞા આપીને વિનીતા નગરી વસાવી હતી, જે પછીના કાળમાં અયોધ્યા તરીકે ઓળખાવા લાગી. આ ભગવાનનાં નામ આદિદેવ કિંવા યુગાદિદેવ, ઋષભદેવ, પ્રથમ નરપતિ, પ્રથમ ભિક્ષાચર, પ્રથમ તીર્થપતિ, એમ પાંચ હતાં. વર્ષીતપનો મહિમા આ પ્રભુના તપમાંથી પ્રગટ થયેલો છે.

ભગવાનને દેવી સુમંગલા અને સુનંદા નામની પત્નીઓથી શ્રી. ભરત ને શ્રી. બાહુબલિ આદિ સો પુત્રો થયા હતા. તે સર્વને દેશ–રાજ્ય વહેંચી આપીને તથા પૃથ્વીતલના દારિદ્રય દાવાનલને બુઝવવા માટે દીન, અનાથ આદિ લોકોને એક વર્ષ સુધી અવિરત દાન (વર્ષીદાન) આપીને ભગવાન ઋષભદેવે ૮૩ લાખ પૂર્વ પછી, મહાભિનિષ્ક્રમણ આદર્યું–અર્થાત્ કઠોર કર્મો જીતીને ધર્મતીર્થ પ્રવર્તાવવા માટે પરમપાવની દીક્ષા લીધી, તે દિવસ ફાગણ વદ ૮નો હતો. ભગવાનની સાથે કચ્છ, મહાકચ્છ, આદિ ૪૦૦૦ પુરુષોએ પણ દીક્ષા લીધી હતી.

લોકો તે વખતે ઘણા સુખી હતા. ભીખ માગવાનું કે ભીખ આપવાનું કોઈ સમજતા ન હતા. જૈન દીક્ષામાં તો નિર્દોષ ભિક્ષા મેળવવા દ્વારા જ સંયમનો નિર્વાહ શક્ય બને છે. ભગવાનને દીક્ષા લેતી વખતે છઠ્ઠનો તપ હતો, પારણે ભિક્ષા લેવા ભગવાન નીકળ્યા ત્યારે લોકો તેમને આપવા માટે હાથી–ઘોડા–વસ્ત્ર–અલંકાર–હીરા–મણિ–માણેક–સુવર્ણ–કન્યાઓ–વાહન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



–આદિ ધરતા. ભગવાનને આમાંનું કાંઈ ખપે નહિ. ભગવાન અદીનભાવે પાછા ફરતા અને મૌનભાવે તપોવૃદ્ધિ કરતા. 'મારે આ જોઈએ છે કે, તમારે આ આપવું જોઈએ' વગેરે કશું કોઈને કહેતા નહિ. આમ રોજ ચાલવા માંડયું. નિર્દોષ અન્ન–જલ મળવાના અભાવે ભગવાન ભૂખ, તરસ સહન કરવા લાગ્યા, પરંતુ કચ્છ–મહાકચ્છ આદિ સાધુઓથી તેમ થઈ શક્યું નહિ. તેઓ સઘળા ગંગાકાંઠે ભગવાનનું ધ્યાન કરતા તાપસો થઈ ગયા. ભગવાન તો તેજસ્વી-પણે તપોવૃદ્ધિ કરતા ગ્રામાનુગ્રામ વિચરતા હતા. એમ કરતાં તેર માસ અને નવ દિવસ થયા. વૈશાખ શુદ ૩ ને દિવસે ભિક્ષા માટે પ્રભુ હસ્તિનાપુરમાં પધાર્યા. રાજમાર્ગ ઉપર લોકોનો કોલાહલ થવા માંડ્યો.–' ભગવાન કાંઈ લેતા નથી–લેતા નથી–'

એ સમયે ત્યાં ભગવાનના પુત્ર શ્રીબાહુબલિ રાજાના પુત્ર સોમપ્રભ રાજા રાજ્ય કરતા હતા. તેમના પુત્ર શ્રેયાંસકુમારે રાજમહેલના ઝરુખામાંથી ભગવાનને જોયા અને જોતાંની સાથે તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. ભગવાન સાથેના પોતાના પાછલા ભવો શ્રેયાંસને સાંભરી આવ્યા. તેઓ સાધુતાના આચારો સમજી ગયા. તે જ વખતે ત્યાં કોઈકે આવીને શ્રેયાંસકુમારને ચોકખા તાજા શેરડી રસથી ભરેલા ઘડા ભેટ કર્યાં. શ્રેયાંસકુમારે દોડી જઈ ભગવાનને વિનંતી કરી. ભગવાને નિર્દોષ ભિક્ષા જાણી પોતાના હાથ ધર્યા. શ્રેયાંસે તેમાં શેરડી રસ વહોરાવી ભગવાનને પારણું કરાવ્યું. એક બિન્દુ પણ હાથમાંથી નીચે પડયું નહિ. અને ભગવાને રસ વાપર્યો તે કોઈ ચર્મચક્ષુથી જોઈ શક્યા નહિ. ત્યાં વસુધારા, ધનવૃષ્ટિ આદિ પાંચ દિવ્યો પ્રગટ થયાં. વૈશાખ શુદ ૩ની તિથિ પણ અક્ષય તૃતીયાના મહિમાવાળી બની.

બસ, આ છે વર્ષીતપનો અને સુપાત્ર દાનનો આદિ ઇતિહાસ.

ભગવાન ઋષભદેવથી વર્ષીતપ શરૂ થયો અને શ્રેયાંસકુમારથી ગૃહસ્થોએ સાધુએને નિર્દોષ આહારાદિ વસ્તુઓનું દાન કેમ કરવું તે શરૂ થયું. ભગવાનને દીક્ષા લીધા પછી તરત જ આ મહાન તપશ્ચર્યા થઈ તેના અનુસ્મરણમાં આજે શ્રી જૈન સંઘમાં કેટલાયે કાળથી વર્ષીતપ કરાય છે અને પારણે શેરડી રસ ગ્રહણ કરાય છે. (કેટલાક લોકો એકસો આઠ ઘડાનું પારણું માને છે પણ તેનો કોઈ આધાર જણાતો નથી) ભગવાન તો ફાગણ વદ આઠમથી બીજા વર્ષના વૈશાખ શુદ બીજ સુધી તદ્દન નિરાહાર રહ્યા હતા. આ કાલમાં એવી સંઘયણ–શરીર શક્તિ નહીં હોવાથી વચમાં એકાંતરે બિયાસણું વગેરે કરાય છે. ઘણા તપસ્વીઓ તો છઠ્ઠને પારણે છઠ્ઠ અને અઠ્ઠમ ને પારણે અઠ્ઠમ અને તેથી પણ વધુ કરતા જણાય છે. ઘણા લોકો ઉપરાઉપરી ચાલુ વર્ષીતપ વર્ષો સુધી કરતા હોય છે. ધન્ય છે એ તપસ્વીઓને! ધન્ય છે એ જૈન શાસનના આધારકોને!

કર્મને તપાવે તેનું નામ તપ. નિકાચિત કર્મોને પણ વિખેરી નાંખવાનું તેનામાં પ્રબલ સામર્થ્ય રહેલું છે. યુગાદિદેવના શાસનમાં ઉત્કૃષ્ટ વર્ષીતપ વર્તતો હતો, મધ્ય બાવીસ જિનેશ્વરોના શાસનમાં આઠ મહિનાનો તપ હતો, અંતિમ પ્રભુ મહાવીરના શાસનમાં છ માસિક તપ વર્તે છે. લાગટ છ મહિનાના તપની શક્તિના અભાવે પણ જેમાં છ મહિનાથીયે વધુ ઉપવાસો બંધ સુખે કરવાનો લાભ મળતો હોય તો તે એક માત્ર આ અનુસ્મરણમાં

[ જુઓઃ અનુસંધાન ટાઈટલ પેજ બીજું ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઈશ્વરીતત્ત્વ

લેખક :-શ્રીયુત વસંતલાલ કાંતિલાલ શેઠ
બી. એ.

**પશ્ચિમ** એ ભૌતિકવાદનું પિયર ગણાય છે. જડવાદ તેમની જીવનરચનામાં લકવાના દર્દ જેમ સંતાપ ઉત્પન્ન કરી રહ્યો છે એવી આપણી માન્યતા છે. આ લેખમાં પશ્ચિમના થોડાક મહાન પુરુષોના ઈશ્વર સંબંધી વિચાર નોંધ્યા છે. ઈશ્વર નજીક જવાના તેમના પ્રયત્ન માત્ર પૂર્વના સંસ્કાર કે જન્મગત અંધશ્રદ્ધા રૂપે જ નથી. તેઓ જીવનભરના મંથનકાળ પછી આ વિચારે પહોંચ્યા છે. તેથી તેમની જેવી તેવી ઈશ્વરભક્તિ પણ લુખ્ખી સૂકી નથી. પરસેવાની અથાગ મહેનતનું દુઃખ કયારેય લુખ્ખું નથી હોતું. તેમાં જીવનની લાલીનો અનુપમ સ્વાદ હોય છે. આટલી પૂર્વ ભૂમિકા પછી આ લેખનું તાત્પર્ય સમજવું કદાચ સુગમ થશે.

⊙

માનવીની વિચારશક્તિ સહેજે જીવનના સ્થૂલ પડળો ભેદે છે. રોજની જરૂરિયાતો ને સુખસગવડોથી અસંતુષ્ટ બની દૂર-સુદૂરની અસ્પષ્ટ લહરીથી કંપાયમાન બને છે ત્યારે તેને સમજાય છે કે માનવ પોતે સંપૂર્ણ નથી. માનવથીયે કશુંક વધુ મહાન ને વધુ સમર્થ એવું અગમ્ય બળ વિશ્વ સૌની જીવનશક્તિરૂપ બની રહ્યું છે. ક્ષુદ્રતાની આંખ સામે પહેલવહેલીવાર ત્યારે વિરાટનું પ્રગટ દર્શન થાય છે. અંધારી દુનિયા રિબાય છે-સડે છે-ભાંગે છે ને તૂટીને ટુકડા બને છે ત્યારે-કોઈક પુણ્યાત્મા ક્ષિતિજ પર પ્રકાશનાં ગુલાબી કિરણોની રમ્ય સુરાવલી સાંભળે છે-ને દુનિયા તેનો થાક ઉતારે છે-સહેજ સ્મિત કરે છે ને કમર બાંધીને નવી યાત્રાના પ્રથમ પગલાં ઉપાડે છે. આ 'પ્રકાશ' એ વિશ્વની પરમશક્તિ છે. સૌ કોઈ જેઓ પર્વતની દુઃસાધ્ય ઊંચાઈ પર જીવનયાત્રાને દોરી ગયા છે તેઓએ માનવાત્માથી કશુંક વધુ શક્તિશાળી, વધુ સુંદર, વધુ સુખમય એવું ઈશ્વરીતત્ત્વ શોધ્યું છે. ધર્મગુરુ સેંટ પોલ તે તત્ત્વને વિષે કહેતો કે-" We live and move and have our being in it."

"આપણે એ પરમ તત્ત્વમાં જ જીવીએ છીએ, ફરીએ છીએ ને આપણું સંપૂર્ણ અસ્તિત્વ એ તત્ત્વથી જ વીંટળાયેલું છે." ધર્મગુરુ એટલે જ એ પરમશક્તિનો પ્રકાશક. એ તેનું વર્ણન કરે તેમાં શું આશ્ચર્ય! વિજ્ઞાનવીર ડાર્વિન હતો. એ ધર્મનો વિરોધી હતો. છતાં એ પણ કોઈ જુદી જ ભાષાના જુદા જ ભાવથી એ પરમ તત્ત્વને સ્વીકારે છે. પરમાત્મા એટલો મહાન છે કે માનવી ગમે ત્યાં નાસીને સંતાઈ જાય પણ પરમાત્માની ઝાલેલી આંગળીઓ તો તે છોડી જ શકતો જ નથી. ડાર્વિન તેના "The Descent of Man" માં લખે છે કે-"This Grand Sequence of events the mind refuses to accept as a result of blind chance. I conclude that there is Purpose—a directive power behind it.—અર્થ કે, વિશ્વ ઇતિહાસના અગણિત પ્રસંગો એ માત્ર આંધળા અકસ્માતનું પરિણામ નથી. તેની પાછળ સંચાલન કરતી શક્તિ છે—એક મહાન હેતુ છે. એ હેતુ હોય કે ન હોય—એ સંચાલન કરતી શક્તિનું સ્વરૂપ ગમે તે હોય—વિજ્ઞાનવાદી તીક્ષ્ણ બુદ્ધિ પણ કેવળ ભૌતિક જગતની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થૂલ મર્યાદાઓથી અસંતુષ્ટ રહે છે. આવી સ્થૂલ મર્યાદા માનવ આત્માને અત્યંત અકળામણ કરનારને ગુંગળાવનાર લાગે છે. માનવી સમજે છે કે આ દુનિયા દેખાય છે તેટલી જ નથી, કશુંક છુપાયું છે, જે પરમ મહાન છે, ખૂબ જ મહાન અને ખૂબ જ દૂર છે.

હવે કવિ લઈએ. કવિ તો બધે પ્રેમ જ જુવે. રસ્તા પર જતાં ગાડાથી માંડીને તે બગીચામાં ઊગતાં ફૂલ-છોડ એ બધું તેને તો પ્રેમનું જ જીવનપોષક તત્ત્વ લાગે. આથી ઈશ્વરને પણ તે પ્રેમ સ્વરૂપ લેખે. મહાકવિ ડાન્ટે એ પરમ તત્ત્વ વિષે લખતાં કહે છે- "It is a Vision of Love that moves the Sun and Stars." સૂર્ય ચંદ્ર ને તારાને ફુદડી ફેરાવતી એ પ્રેમદૃષ્ટિ છે. કવિ શેલી પણ લખે છે—"It is Vision of that Light of Love whose smiles kindles the Universe." એ એક એવી પ્રેમદૃષ્ટિ છે જેના સ્મિતથી સૃષ્ટિ પ્રકાશિત બને છે. કવિ સૃષ્ટિમાં પ્રેમને શોધે છે ને પ્રેમમાં આ ઈશ્વરને શોધે છે. કવિ વર્ડ્ઝવર્થ માત્ર એક નજીવા ફૂલને જોઈ એવા વિચારમાં ખોવાઈ જતો કે તે વિચારો આંસુઓથી પણ ન સ્પર્શી શકાય—thoughts that do often lies too deeps for tears. સામાન્ય ફૂલ સાથે પણ વર્ડ્ઝવર્થ કવિ આટલા પ્રેમમાં હતો તો પછી તેનો ઈશ્વર પ્રેમસ્વરૂપ હોય તેમાં શું આશ્ચર્ય! કવિ તો હૃદયની પવિત્ર ઉર્મિઓ દ્વારા સૃષ્ટિનો રહસ્યભંડાર ખોલવા માગે છે. પણ જેઓ એમ માને છે કે મંદિર, કારખાના ને દુકાનોથી ભરેલ આ દુનિયા માત્ર ગેસના ગોટારૂપ નિહારિકામાંથી રાસાયનિક ક્રિયા-પ્રક્રિયાથી થઈ તેઓને ઈશ્વર વિષે શું કહેવું છે? શું તેઓ પણ આ જડસૃષ્ટિમાંથી કશાક એવા મધુર વીણાના સૂર સાંભળી શકયા છે કે જેથી તેમની આંખમાં ભક્તિનાં બે ચાર આંસુ આવી ગયાં છે? હા, જુવો આ Kepler કેપ્લર મહાન ખગોળશાસ્ત્રી. ખગોળશાસ્ત્રના નિયમો પાછળની અંકગણિતની સંવાદિતા શોધી કાઢી ત્યારે તે બોલેલો-" Almighty God! These are thy thoughts. I am thinking after thee!"—હે સર્વ શક્તિશાળી ઈશ્વર! આ આકાશના તારાઓ ને આ સઘળું એ માત્ર તારા વિચાર છે. હવે હું તારો વિચાર કરતો થયો છું. ઈશ્વરનું સ્વરૂપ સૌને જુદું જુદું જડયું છે. છતાં ઈશ્વર વિના કોઈને ચાલ્યું નથી. જીવન સહેજ પણ નૈતિક ઉત્થાન કરે છે ત્યારે તેને પરમાત્માની આંગળી પકડીને ઉપરથી ટેકો લેવો જ પડે છે. અજ્ઞાતવાદી હર્બટ સ્પેન્સર લ્યો. તેના "First Principles" માં લખે છે કે, સૌ કારણોનું અંતિમ કારણ (uncaused cause) ઈશ્વર છે. "ન્યૂટન તેના (principia) પ્રીન્સીપીયામાં એ તત્ત્વને "necessary existing being who is always and everywhere." સર્વ કાળે, સર્વ સ્થળે અનિવાર્યપણે જે વિદ્યમાન છે તે તત્ત્વને ન્યૂટન ઈશ્વર ગણાવે છે. પ્રબલ નવલકથાકાર થોમસ હાર્ડિ તેની નવલકથા Dynasts માં ઈશ્વરને કઠપૂતળીને દોરીઓથી નચાવનાર નાટકનો મેનેજર-સ્ટેજ મેનેજર કહે છે. "Stage manager of a puppet show" તે લખે છે-વાદળીમાં પાણી વ્યાપે છે તેમ તે બધે વ્યાપે છે. હક્સલે લખે છે કે-"I am far more sure of the realities of mind than of anything else whatsoever." કે બીજા બધાં પૌદ્ગલિક અસ્તિત્વ કરતાં મનના અસ્તિત્વને હું વધું માનું છું.

[ જુઓ : અનુસંધાન ટાઈટલ પેજ ત્રીજું ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી. મહાવીર અને ગોશાલક

લેખક : શ્રી. જયભિખ્ખુ

★

સત્યની તિતિક્ષા કાજે માનવી સર્વસ્વ ફગાવી દેતો, એવા ઉત્સાહભર્યા એ દિવસો હતા. એવા દિવસોની એક સુંદર સવારે, અષાઢનાં વાદળો હજી ગર્જી રહ્યાં હતાં ત્યાં, એક તેજસ્વી જુવાન આવીને શ્રી. મહાવીર વર્ધમાન સામે ઊભો રહ્યો.

ગર્જી રહેલાં વાદળો વરસી પડયાં, અને પેલો જુવાન શ્રમણ મહાવીરના ચરણમાં નમ્યો, વંદ્યો ને બોલ્યો :

'હું ગોશાલક, આજીવિક સંપ્રદાયનો આચાર્ય, અનેક શિષ્ય-સેવકોનો આરાધ્ય, હે શ્રમણ! તમારો શિષ્ય થવા ચાહું છું. રાજવંશી જેવું રૂપ, ચક્રવર્તી જેવું તેજ ને બૃહસ્પતિ જેવી તમારી વાણી સાંભળી પ્રસન્ન થયો છું. હું પ્રવ્રજિત થવા ઇચ્છું છું. મારો શિષ્ય તરીકે સ્વીકાર કરો. જીવનના અકળ પડદા આપની પર્યુપાસના દ્વારા ભેદવા ઇચ્છું છું.'

શ્રમણ મહાવીરે ફરી ફરીને એ તરુણ તપસ્વીને નીરખ્યો. ફાટફાટ થતી તરુણાવસ્થા હતી. આંખોમાં અભયની જ્યોત હતી. ઓષ્ઠ પર દૃઢ નિશ્ચયની રેખા હતી. ભાલ પર કર્તવ્યપરાયણતાનાં ત્રિપુંડ્ર ખેંચાયાં હતાં. જીભ પર પાંડિત્ય હતું. વાણીમાં જ્ઞાનની તૃષા હતી.

'વત્સ! હું તારો શિષ્ય તરીકે સ્વીકાર કરું છું. આત્મવિલોપન એ જ આત્મવિજયની ચાવી છે. વૃક્ષ થવા ઇચ્છનાર બીજને પહેલાં પૃથ્વીમાં દટાવું પડે છે.' શ્રમણ મહાવીરે બંસીના જેવા સ્વરોમાં પોતાના ઉપદેશનો સારમાત્ર કહી દીધો.

શ્રાવસ્તી નગરીના નાલંદાપરાની વણકરશાળામાં આ અદ્ભુત ઘટના ઘટી ગઈ. એક જ્યોતિમાં બીજી વિભૂતિ વિલીન થઈ ગઈ. શ્રમણ મહાવીરના સંસારત્યાગને હજી બીજું જ ચોમાસું હતું. એમની તિતિક્ષાનો રાહ લાંબો હતો, એકાકી હતો, એમાં આ નરબંકો સાથી સાંપડી ગયો.

ગોશાલક વિનયી શિષ્યની પ્રતિમૂર્તિ બન્યો; ગુરુની ચરણરજ બની ગયો, શ્રમણ મહાવીરના દેહનો પડછાયો બનીને ફરવા લાગ્યો. શિષ્યની ઉગ્ર સાધના, અપૂર્વ અર્પણભાવ જોઈ ગુરુ સોળે કળાએ ખીલી નીકળ્યા. રહસ્યો માટે અંતરનાં કમાડ એમ ને એમ ખૂલી જવા લાગ્યાં.

વણકરશાળાનો નિવાસ પૂરો કરી ગુરુ-શિષ્ય નીકળ્યા. ગુરુની અગમવાણીના ઉત્સાહી ગોશાલકે સ્વાભાવિક પ્રશ્ન કર્યો: 'આજે મને કેવો આહાર મળશે?'

'ઊતરી ગયેલું ધાન મળશે. ઉપર દક્ષિણામાં ખોટા તાંબીઆ મળશે,' ગુરુથી પણ સ્વાભાવિક રીતે કહેવાઈ ગયું.

ગોશાલકને ગુરુવાક્યને કસોટીએ કસવું હતું. ઘણું રખડયા, પણ આખરે તો મળવાનું હતું તે મળ્યું. ગોશાલક અપાર શ્રદ્ધાથી શ્રમણ મહાવીરનો ચરણકિંકર બની રહ્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગુરુ-શિષ્યની જોડલી અત્યારે જેને આપણે ચમત્કારો કહીએ છીએ એવા એ કાળના સામાન્ય અનુભવજ્ઞાનની કસોટીઓ કરતી પ્રવાસ ખેડવા લાગી. એકદા માર્ગમાં ગોશાલકને ક્ષુધા લાગી. નજીકમાં ગોવાળો ખીર રાંધતા હતા. ભડભડ બળતા ચૂલા પર માટીના પાત્રમાં એ તૈયાર થઈ રહી હતી.

'ગુરુદેવ ! એ લોકો પાસેથી ખીરની ભિક્ષા લઈ આવું ?' શિષ્યે ગુરુની આજ્ઞા ચાહી. ગુરુએ પોતાનાં આંતર-બાહ્ય શિષ્ય માટે ખુલ્લાં મૂક્યાં હતાં. એમણે કહ્યું: 'ખીર નહિ થાય, હાંડલી ફસકાઈ જશે, મહેનત માથે પડશે.'

અને ખરેખર, પ્રચંડ અગ્નિમાં લોહપાત્ર ગળી જાય એમ, હાંડલી ફસકાઈ ગઈ. ગોશાલક ગુરુગમ પર વારી ગયો. એ નમ્ર, વિનમ્ર, અતિનમ્ર શિષ્ય બની રહ્યો, પોતાની જાતને ભૂલી ગયો. નહિ તો એ પણ એક સંમાન્ય વ્યક્તિ હતો. એક સંપ્રદાયનો નેતા હતો. પણ સત્યની ખોજ માટે તો માણસે ખોવાઈ જવું પડે ને ! ગઈ કાલનો પૂજનીય અપ્રતિસ્પર્ધીય ગોશાલક આજ નહોતો. પહાડ કંકર બની ગયો હતો. એણે પોતાનું આત્મવિલોપન કર્યું હતું.

પણ રે ! પોતાની જાત માટેનો ગર્વ ભલે અપ્રશસ્ત હોય, પણ સમર્થ ગુરુગમનો ગર્વ કંઈ અસ્થાને નહોતો ને ! એક સ્થળે ભિક્ષા માટે જતાં દુકાનદારે ગમે તેવા હલકા શબ્દો વાપરી અપમાન કર્યું ! પોતાના આરાધ્ય ગુરુ માટે એ ઘસાતા શબ્દો બોલ્યો, આથી કોપાયમાન થયેલા ગોશાલકે કહ્યું :

'મારા ગુરુની આણથી કહું છું કે તારા જેવા હૈયાબળેલાની હાટડી પણ બળજો !'

શબ્દોમાં પણ અપૂર્વ સામર્થ્ય છે. એ શબ્દો અંતરની આહના હતા. એ આહ આગરૂપે પ્રત્યક્ષ થઈ. ખરેખર, દુકાનદારની હાટડીમાં ક્યાંકથી આગ લાગી. પોતાના ગુરુના નામસામર્થ્ય પર ગર્વ ધરતો તરુણ તપસ્વી પાછો ફર્યો, સાભિમાન સર્વ વૃત્તાંત ગુરુને નિવેદિત કર્યો.

ગુરુએ તો એવા અભિમાનને પણ પાપ-વ્યાપાર કહ્યો. શિષ્યની ગુરુપરાયણતા આથી વિશેષ રાગભરી બની. એના સ્વભાવનું આકર્ષણ સાત્ત્વિકતા કરતાં શક્તિ તરફ વધુ ઢળતું.

માર્ગમાં ભગવાન પાર્શ્વના સાધુઓ મળ્યા. તેઓએ શરીર પર વસ્ત્રાદિક ધાર્યાં હતાં. ગુરુનું માહાત્મ્ય વધારવા ગોશાલક એમની સાથે લડી પડ્યો, ને તેઓ તરફ તુચ્છ ભાવ બતાવતો કહેવા લાગ્યો:

'અરે મુનિઓ ! તમે વસ્ત્રાદિની ગ્રંથિ ધારણ કરો છો, ને તમારી જાતને નિર્ગ્રંથ કહેવરાવો છો ? જુઓ ને, આ શ્રમણ ભગવાન મહાવીર મારા ગુરુદેવ ! વસ્ત્રમાં તો શું-શરીરમાં પણ તેમને મમત્વ નથી ! એ સાચા નિર્ગ્રંથ છે.'

પેલા મુનિઓ પણ કંઈ ઓછા ઊતરે એવા નહોતા. બંને વચ્ચે ઠીક ઝપાઝપી થઈ. સત્ય તરફનો આવેશ અને સ્વભાવની પ્રકૃતિગત તીખાશ સાધક શિષ્યમાં વારંવાર પ્રગટ થતી. ગુરુ પણ સાધક શિષ્યનો આવેશ અને તીખાશ દૂર કરવા મૂંગા મૂંગા નવા નવા પ્રયોગો કરતા.

સત્યની ભાષા મૌન છે, એ શિષ્યને દર્શાવવા બંને મૌન લઈ એક સ્થળે રહ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરહદ પરનું એ સ્થળ હતું. ચોરો, જકાતખોરો ને જાસૂસોનો સદા ભય ત્યાં રહેતો. કુશળ કોટવાળ સિપાહીઓની ટુકડી સાથે આ પ્રદેશની રક્ષા માટે રહેતો. એણે એકાંત સ્થળમાં, ચૂપચાપ બેઠેલા આ બે જુવાનિયાઓને જોયા. કોટવાળે બંનેને પકડ્યા ને પૂછ્યું: 'કોણ છો? ક્યાંથી આવો છો?'

બંને મૌનની પ્રતિજ્ઞાવાળા હતા. પ્રાણ જાય પણ પ્રતિજ્ઞા ન તૂટે! બંનેમાંથી એકે યે જવાબ ન આપ્યો.

'પક્કા જાસૂસ લાગે છે;' કોટવાળે કહ્યું ને સિપાઈઓને આજ્ઞા કરી કે એમની બોબડી બંધ છે, એને ખોલવાનો ઉપાય કરવો જોઈશે. બંનેને કૂવામાં ઊંધે માથે ટાંગી ડૂબકીઓ ખવરાવો.

આજ્ઞાનો તરત અમલ થયો. બંનેને દોરડાં બાંધી કૂવામાં ટાંગવામાં આવ્યા, પણ મૌન અખંડિત રહ્યું. એ વખતે કેટલીક ભિક્ષુણીઓ ત્યાં થઈને નીકળી. તેઓએ રાજા સિદ્ધાર્થના પુત્ર તરીકે મહાવીર વર્ધમાનને પિછાણ્યા. કોટવાળ શરમીંદો પડ્યો ને ચાલ્યો ગયો.

ગુરુ અને શિષ્ય મુક્ત થયા. ગુરુએ પ્રસન્ન વદને શિષ્યને પ્રશ્ન કર્યો: 'વત્સ! તું કેવી રીતે આવી વિપત્તિમાં પણ મૌન જાળવી રહ્યો?'

શિષ્યે કહ્યું: 'ગુરુદેવ! મને આપ વિષે વિશ્વાસ હતો. મને સંપૂર્ણ ખાતરી હતી, કે જ્યાં સુધી હું આપની સાથે છું, ત્યાં સુધી કોઈ મારું અનિષ્ટ નહિ કરી શકે!'

શિષ્ય પર ગુરુને અપૂર્વ ભાવ થયો. તેઓ સાધનાના દુર્ગમ પથ પર આગળ ને આગળ કદમ ભરતા ગયા.

ગુરુનાં તપ, જ્ઞાન ને પ્રજ્ઞા પાછળ ગોશાલક દીવાનો બન્યો હતો. એ દીવાનાપણું, એ ઘેલછા વણમાગ્યા કજિયા નોતરી લાવતી. એક વાર કોઈ ગામમાં બંને ઊતર્યા હશે, ને પડખે ધર્મોત્સવ ઉજવાતો હશે. અનેક સ્ત્રીપુરુષો એમાં ભાગ લઈ રહ્યાં હતાં. તેઓ રંગબેરંગી વસ્ત્રો પહેરી, મદ્યપાન કરી, અનેક પ્રકારના ચાળા કરતાં નૃત્ય કરતાં હતાં.

ગોશાલકથી આ ન સહેવાયું. એણે ત્યાં જઈ ઉચ્ચ સ્વરે કહ્યું: 'અરે મૂર્ખો! આ મોક્ષમાર્ગ નથી. કંઈક સમજો. સાચું સમજવું હોય તો આવો મારા ગુરુ પાસે.'

આમ બૂમબરાડાથી રંગમાં ભંગ પડ્યો. સહુ ચિડાયાં. કેટલાક સશક્ત માણસોએ એને પકડ્યો ને મૂઢ માર મારવા માંડ્યો. પણ એમ દેહને કષ્ટ થાય તેથી સત્યને થોડું છુપાવાય! એણે તો પાછી એ જ વાત કહેવી ચાલુ રાખી. મહાપ્રયાસે નૃત્ય રંગ પર આવ્યું હતું, ત્યાં આ જડ તાપસે ફરી વિઘ્ન કરવું ચાલુ કર્યું. ફરીને એને કૂતરાની જેમ ઝૂડ્યો. આમ ત્રણ વાર બન્યું, પણ ગોશાલક કોનું નામ? એણે માર ખાતાં ખાતાં ફક્ત એટલું કહ્યું: 'રે ભલા માણસો! મને મારા દેહની પરવા નથી, પણ સત્યની ફિકર છે.'

શિષ્યની આવી ઉચ્ચ મનોભાવના ને દૃઢ મનોવૃત્તિ જોઈ ગુરુ કંઈ કંઈ આકાંક્ષાઓ સેવી રહ્યા. એક દહાડો એમણે કહ્યું: 'વત્સ! શરીરની મમતા આપણને નથી ને હિંસાનો આપણા મનમાં લવલેશ ખ્યાલ નથી. આ બે વસ્તુની પરીક્ષા માટે અનાર્ય દેશમાં — જ્યાનું પંખી પણ આપણું પરિચિત ન હોય ત્યાં — જવા અને આપણા સિદ્ધાંતોને નાણી જોવા ઇચ્છું છું. ઇચ્છું છું કે તું મને અનુસરીશ.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગોશાલક વિચાર કરી રહ્યો. પણ ગુરુનું વચન એને અવિચારણીય હતું. સાંજે જ જંગલમાં દાવાગ્નિ લાગ્યો. લીલું ઘાસ અગરબત્તીની જેમ બળવા લાગ્યું. ગોશાલક ને ગુરુ બંને ધ્યાનમાં હતા. શિષ્યે બૂમ મારી : 'ગુરુ, ભાગો !'

પણ ગુરુ તો પથ્થરની પ્રતિમાશા ધ્યાનમગ્ન રહ્યા. સળગતો અગ્નિ સુરસુર કરતો, એમના પગની આસપાસ ફરી વળ્યો. બંને પગ શ્યામ બની ગયા, પણ ધ્યાનકાળ પૂરો કરીને જ ગુરુ ઊઠયા !

ગુરુની નિશ્ચલતા ને પોતાની ચંચળતા ગોશાલકના મનને દમી રહી. એણે પોતાની સહનશીલતાની પરીક્ષા આપવા અનાર્ય દેશ પ્રતિ પ્રયાણનો આગ્રહ સેવવા માંડ્યો.

[ ૨ ]

**અનાર્ય દેશનો** રોમહર્ષણ પ્રવાસ એક વાર નહિ, પણ બબ્બે વાર ગુરુ ને શિષ્ય કરી આવ્યા. નરમાંસભક્ષકોના દેશમાં એમના દેહમાંથી માંસપિંડ કાપી એ અનાર્ય દેશવાસીઓએ મિજબાની ઉડાવી. વાઘના બીજા અવતાર જેવા કૂતરાઓ એમના દેહને ક્ષત-વિક્ષત કરી ગયા, પણ બન્ને જણાએ દંડ સુદ્ધાં ન સાહ્યો ! બંને પોતાના આત્માની અવિજેયતામાં શ્રદ્ધા લઈ આર્યભૂમિ પર આવ્યા.

નિદાઘના દિવસો હતા. સૂર્ય સોળે કળાએ તપી રહ્યો હતો. માર્ગમાં એક તાપસ સૂર્યમંડળ પર દૃષ્ટિ સ્થિર કરીને તપ કરતો હતો. અગ્નિ વરસાવતો સૂર્ય એના દેહને તપાવતો હતો ! પણ એનું મન શીતળ હતું. એની મોટી જટામાં રહેલી જૂંઓ તાપથી અકળાઈ જમીન પર પડતી હતી. દયાભાવી તાપસ જમીન પર પડેલી જૂંઓને ઉપાડી ફરી ફરીને જટામાં મૂકતો હતો !

ગોશાલક જેવા આત્માના અપ્રતિરથ મહારથીને આ કાર્ય ક્ષુદ્ર લાગે તે સ્વાભાવિક હતું. એનાથી ખડખડ હસી પડાયું, ને બોલી જવાયું : 'અરે, આ તે જોગી કે જૂંઓનો મિજબાન !'

આ શબ્દો તાપસના શ્રવણપટ પર અથડાતાં એનો ચહેરો તપાવેલા તાંબાના પતરા જેવો બની ગયો. એણે મોં ફેરવ્યું, ગોશાલક પર દૃષ્ટિ સ્થિર કરી. એ દૃષ્ટિમાંથી દાહ ઉપજાવતી હજારો અગ્નિજ્વાળાઓ જાણે બહાર પડી.

'અરેરે ! બળી મૂઓ !' ગોશાલકે બૂમ પાડી. એની આજુબાજુનાં લીલાં કંચનવર્ણાં વૃક્ષો સાવ બળીને કાળા કોલસા જેવાં બની ગયાં હતાં. ગોશાલકને લાગ્યું કે પોતે પણ એ જ દશાને પ્રાપ્ત થઈ રહ્યો છે. ત્યાં સળગતા ગ્રીષ્મમાં કોઈ ભરી વાદળી એકાએક વરસી જાય ને શીતલતા પ્રસરાવી જાય, એમ ગોશાલક અપૂર્વ શીતલતાનો અનુભવ કરી રહ્યો.

એણે શ્રમપૂર્વક સ્વસ્થતા મેળવી તો એક અજબ દૃશ્ય જોયું. તાપસના નેત્રોમાંથી નીસરતા અગ્નિકિરણો સામે શ્રમણ મહાવીરના નેત્રોમાંથી ફૂટતી તેજસ્વી જલધારાઓ સંઘર્ષ સાધી રહી હતી. ગમે તેવી આપત્તિમાં પણ પ્રતિકારમાં ન માનનાર ગુરુદેવ આજે શિષ્યની પ્રાણરક્ષા માટે પ્રતિકાર રચી રહ્યા.

તાપસનો ગર્વ ગળી ગયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૃત્યુમાંથી ઊગરી ગયેલો ગોશાલક ગુરુચરણમાં પડ્યો ને ગદ્‌ગદ્ કંઠે બોલ્યો : 'પ્રભુ! આ શું હતું ?'

'તેજોલેશ્યા.'

'તમે સામે કઈ શક્તિ મૂકી ?'

'શીતલેશ્યા.'

'ગુરુદેવ, જે શક્તિ સામાન્ય તાપસને લભ્ય, તે મને શા કાજે અલભ્ય ? મારી સાધનામાં કંઈ ત્રુટિ ?'

'વત્સ, શક્તિ કરતાં સત્ત્વ તરફ જા ! એ જ કલ્યાણપ્રદ છે. આ શક્તિ છે, ચમત્કાર છે; તને યોગીને તો સાવ સુલભ છે, પણ ચમત્કારમાં સિદ્ધિ નથી. કલ્યાણ નથી. મોક્ષ નથી. કોઈ વાર મનનો નિગ્રહ શિથિલ થતાં એ આત્મનું ને પરનું અકલ્યાણ કરે છે.'

'ગુરુદેવ ! મારે તેજોલેશ્યા સાધવી છે. મને સાધના બતાવો.' જાણે બાળહઠ બોલી.

મહાન ગોશાલકે આમ આગ્રહ કરીને તેજોલેશ્યાની સાધના–વિધિ જાણી લીધી. એ સિદ્ધિ કરવા શ્રાવસ્તી નગરીમાં રોકાઈ ગયો.

શ્રમણ મહાવીર સામે સાધનાનો હજી લાંબો રાહ પડ્યો હતો. શિષ્યને ત્યાં છોડી તેઓ આગળ ચાલ્યા ગયા. જતાં જતાં એટલું કહ્યું કે, 'વત્સ ! આત્મવિલોપન વગર આત્મ-વિજય અશક્ય છે, એ ભૂલીશ મા !'

બંનેના રાહ જુદા પડ્યા !

[ ૩ ]

**ગુરુ અને શિષ્યને** જુદા પડયે વર્ષો વીતી ગયાં. આર્ય ગોશાલક શ્રાવસ્તી નગરીમાં સાધના–સિદ્ધિ માટે સ્થિરવાસ કરી રહ્યા છે. શરદ ઋતુની ચંચળ વાદળીની જેમ વર્ધમાન મહાવીર દેશેદેશ ઘૂમી રહ્યા છે. એમના આત્મવિજયના સમાચારો અહીં આવ્યા કરે છે.

આર્ય ગોશાલકે શક્તિની સાધના પાછળ દેહ વિસારે પાડી દીધો છે. ચમત્કારમાત્ર મૂઠીમાં બાંધી લેવા એ મથી રહ્યા છે. નિમિત્તજ્ઞાન તો હસ્તામલકવત્ કર્યું છે. મનુષ્યમાત્રનાં લાભાલાભ, સુખ દુઃખ ને જીવિત–મરણ ભાખવામાં એ અચૂક પુરવાર થયા છે.

ઉપાસકોની સંખ્યા શુક્લ પક્ષના ચંદ્રની જેમ વધતી ચાલી છે. એક દિવસ સમાચાર આવ્યા કે શ્રમણ મહાવીરને ભૂત, ભવિષ્ય ને વર્તમાન વિષેનું કેવળજ્ઞાન ઊપજ્યું ! એ સર્વજ્ઞ થયા !

લોકો ગુરુની કીર્તિ કરવા લાગ્યા. ગુરુની વાહવાહ બોલવા લાગ્યા. ગર્વરૂપી મ્યાનમાં એક જ તલવાર રહી શકે. પોતાની વાહવાહ ને ગુરુની વાહવાહ, એ બે વાત ન બને ! ગર્વ પોતાના સિંહાસને અન્ય કોઈને સાંખી શકતો નથી. આર્ય ગોશાલકના અંતરમાં સૂતેલો ગર્વ જાગ્યો. ગુરુના માનમાં પોતાના જ્ઞાનની માનહાનિ પેખી. એણે હુંકાર કર્યો:

'રે મૂર્ખ લોકો ! જ્ઞાનમાં કંઈ ન જાણો ને માથાકૂટ લઈ બેઠા છો ! લાભાલાભ, જીવિત-મૃત્યુ, સુખ-દુઃખ ભાખે એ સર્વજ્ઞ ! હું તો એ સીમા ક્યારની ઓળંગી ચૂક્યો છું.'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'એની ખાતરી શી?' ઉત્સવમાં ભાગ લઈ રહેલી હલાહલા કુંભારણે પ્રશ્ન કર્યો. નગરની એ શ્રીમંત સ્ત્રી હતી, જાજરમાન હતી, સાધુસંતોની સેવિકા હતી.

'સર્વજ્ઞ પાસે પણ ખાતરી માગવાની? શાન્તમ્ પાપમ્! હલાહલા! તારા નિભાડામાંથી ચાર માટલાં માત્ર સુપક્વ નીકળશે, સો અપક્વ, ને બાકી ખંડિત નીકળશે. જા, કરી લે સર્વજ્ઞત્વની ખાતરી!'

હલાહલા નિભાડે ગઈ. આખો નિભાડો ઉકેલાવ્યો. જોયું તો ગુરુના કહેવા મુજબ જ નીકળ્યું. એણે આવીને ગુરુના ચરણમાં પડી કહ્યું: 'મારે મંદિરિયે પધારો, માં'રાજ!'

ગુરુને આછો આછો મદ વ્યાપી રહ્યો. કર્તુમ્, અકર્તુમ્, અન્યથા કર્તુમ્ કઃ સમર્થઃ?

આર્ય ગોશાલક હલાહલાના મંદિરે વસ્યા. એમની કીર્તિના ધજાગરા ચઢ્યા. આત્મસાધનાને બદલે આર્ય ગોશાળક શિષ્યસાધનામાં પડી ગયા. અખંડ કીર્તિના સ્વામી બન્યા. પ્રતિસ્પર્ધા માત્ર મહાવીરની કીર્તિની રહી. ભૂતકાળનું શિષ્યત્વ એમાં સોનાની થાળીમાં લોઢાની મેખ બની રહ્યું.

એક દહાડો મગધપતિ બિંબિસારના પુત્ર અજાતશત્રુ એને ઘેરે પધાર્યા. પિતા પુત્ર વચ્ચે ખટરાગ હતો. પિતૃહત્યાની તરસ દિલમાં જાગી હતી. ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ તરફ તેમને કંઈક કહેવાપણું હતું. એ ગોશાલકને ચરણે પડ્યા.

આર્ય ગોશાલકે આશ્વાસન આપતાં કહ્યું: 'નિરર્થક ચિંતા ન કરીશ. આ મેં કર્યું, આ મારાં બલ વીર્ય કે પરાક્રમથી થયું, એ મિથ્યા આભાસમાત્ર છે. માણસ માટે જેવી નિયતિ હશે, તે પ્રમાણે થશે.'

રાજાએ વધારામાં પૂછ્યું: 'મારો મોક્ષ નહિ થાય?'

જવાબ મળ્યો: 'રાજા! સૂતરનો દડો ઉકેલવા માંડ્યો એટલે ઊકલી જ જવાનો. નિશ્ચિંત રહો.'

મહારાજ અજાતશત્રુ પ્રસન્ન વદને પાછા ફર્યા. મહાન ગોશાલકને ગુરુ તરીકે જાહેર કર્યા. એમના આજીવિક સંપ્રદાયને અનેક બક્ષિસો કરી.

બીજી તરફ શ્રમણ વર્ધમાનની કીર્તિ પણ વધતી જતી હતી. એમણે ઇન્દ્રભૂતિ ગૌતમ જેવા ૧૧ દિગ્ગજ વિદ્વાન બ્રાહ્મણોને હરાવી શિષ્ય બનાવ્યા હતા. એ સમાચાર આપનારને આર્ય ગોશાલકે કહ્યું:

'અરે! અગિયાર તો શું, મારા એક શિષ્યને પણ હરાવે તો ખરા વડું. એ તો જ્યારે ભેરો થાય ત્યારે વાત. અરે! મહાદેવજીનો મહિમા ભરડો જાણે! તમે શું જાણો?'

એક વાર પ્રેમમૂર્તિ મહાવીરનો પ્રેમભર્યો સંદેશ આવ્યો. એમણે કહેવરાવ્યું હતું: 'વત્સ! અતિ સ્ત્રીપરિચય સાધકને સારો નહિ!' આ સંદેશમાં એને પોતાનું ને કુંભકારરાણી હલાહલાનું અપમાન ભાસ્યું. એણે સામો વળતો સંદેશ કહાવ્યો:

'અરે! મને સર્વજ્ઞને વત્સ કહેનાર એ મહાવીર વર્ધમાન કોણ છે? એને કહેજો કે જે ગોશાલકને તમે જોયો હતો, એને તો સાત ભવ થઈ ગયા. જેને પોતાના ચિત્તનો વિશ્વાસ ન હોય એ સ્ત્રીથી ડરે. ગારુડીને ગમે તેવા ઝેરી સાપનો ભો કેવો? એ તો જેમ દોરડા સાથે ખેલે એમ સાપ સાથે રમે.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ ને આમ સોળ વર્ષનો સુદીર્ઘ ગાળો વીતી ગયો. આર્ય ગોશાલક આ સમય દરમ્યાન શ્રમણ ભગવાન મહાવીર સાથે માનસિક સંગ્રામ ખેલતા રહ્યા. પ્રત્યક્ષ સંગ્રામ કરતાં એ સંગ્રામ ભયંકર હતો.

[ ૪ ]

**આજ શ્રાવસ્તી નગરીમાં** શ્રમણ ભગવાન મહાવીર આવતા હતા. નગરજનો પોતાને ત્યાં સોળ વર્ષથી રહેલા સર્વજ્ઞ આર્ય ગોશાલક અને સર્વજ્ઞ મહાવીર બંને વિષે જાણવા ઉત્સુક હતા. તેઓએ શ્રમણ મહાવીરને સર્વજ્ઞ, જિન, અર્હંતના નામે વધાવ્યા. ઉત્સુક નગરજનોએ પહેલી જ ધર્મસભામાં પ્રશ્ન કર્યો :

'શું આર્ય ગોશાલક જિન, સર્વજ્ઞ ને અર્હંત નથી ?'

ધર્મસંકટ આવ્યું પણ અસત્ય ઉત્તર આપી શકાય તેમ નહોતું: શ્રમણ મહાવીરે કહ્યું: 'એ છ મહાનિમિત્તોનું જ્ઞાન ધરાવે છે, પણ સર્વજ્ઞ નથી.'

ધર્મસભા પૂરી થયે, નગરજનો તરત જ આર્ય ગોશાલક પાસે પહોંચ્યા. લોક લડાઈનું રસિયું હોય છે. શ્રમણ મહાવીરની વાત કહી. આર્ય ગોશાલકને લાગ્યું કે આ મહાવીર મારી સોળ વર્ષની કીર્તિને સાફ કરી નાખશે. એમના અંતરમાં ભયંકર પ્રતિકાર જાગ્યો. એ વખતે આનંદ નામના મહાવીરના શિષ્ય ત્યાં થઈને નીકળ્યા.

ગોશાલકે ભયંકર ગર્જના કરતાં કહ્યું: 'કહી દેજે તમારા એ ...ને ! મને છંછેડીને સાર નહિ કાઢો.'

ભગવાન મહાવીરને આ સમાચાર મળતાં તેમણે તમામ શિષ્યોને સૂચન કર્યું કે એના વિરુદ્ધ કંઈ ન બોલવું. ત્રાજવું ભલે પોતાના ભારથી જ તૂટી જાય. પણ નગરજનોમાં આ બે સર્વજ્ઞો વચ્ચેના સંઘર્ષનો ભારે ઉત્સાહ હતો. તમાશાને તેડું મળ્યું. તેઓએ આખરે ગોશાલકને મેદાને પાડ્યો. એ સશિષ્ય–પરિવાર શ્રમણ મહાવીરના ઉતારે આવ્યો. માણસ તો માતું નહોતું.

આર્ય ગોશાલકે પોતાનો વાણી–વ્યાપાર ચાલુ કર્યો. શ્રમણ મહાવીર સ્વસ્થ બેઠા સાંભળી રહ્યા. ગોશાલકનો વેગ આથી વધ્યો. એણે ગાલિપ્રદાન શરૂ કર્યું. જેટલું કડવું બોલી શકાય તેટલું બોલવા માંડ્યું. વાતાવરણ ક્ષુબ્ધ થઈ ગયું. સાધુઓમાં ઉશ્કેરણીનું મોજું ફરી વળ્યું.

શ્રમણ મહાવીરે સાધુઓને શાન્ત કરવા કહ્યું: 'એની એવી પ્રકૃતિ છે. પ્રકૃતિ ને પ્રાણ સાથે જાય. ક્રોધ કરતાં કરુણા કલ્પે એવા તરફ.'

પણ આ શબ્દોએ ગોશાલકને વધુ ઉગ્ર બનાવ્યો. એણે કટુ વચનોથી વાયુમંડળ ભરી દીધું. માનવમેદની પણ ગોશાલક તરફ જરા નારાજી બતાવી રહી. સર્વાનુભૂતિ નામના મહાવીર–શિષ્યથી ન રહેવાયું; એ બોલ્યા :

'રે ગોશાલક ! કોઈ શ્રમણ કે બ્રાહ્મણ પાસેથી એક પણ આર્ય–વચન શીખ્યા હોઈએ તોય તે બહુમાન કરવા યોગ્ય છે; તો તું તો શ્રમણ ભગવાન મહાવીરનો જ શિષ્ય છે. એમની પાસેથી સર્વ વિદ્યા શીખ્યો છે. પછી આ અનાર્યપણું કેવું ? અથવા ભગવાને કહ્યું એમ તારી પ્રકૃતિમાં જ એ તત્ત્વ છે ? ભલે ત્યારે, દદતુ દદતુ ગાલી–ગાલીમન્તો ભવન્તઃ (ખૂબ ગાળો આપો, કારણ કે એ મય જ તમે છો.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેલ્લા વાક્ય સાથે આજુબાજુની મેદની હસી પડી. આર્ય ગોશાલક ઉશ્કેરાયો. એણે ભયંકર ફુત્કાર કર્યો. સાથે નેત્રોમાંથી દૃષ્ટિવિષ સર્પ જેવી જ્વાલા કાઢી. શિખામણ આપવા આગળ આવેલા મુનિ ત્યાં ઢીમ થઈને ઢળી પડયા. એમના સ્થાને સુનક્ષત્ર મુનિ આવ્યા. એ બે શબ્દો બોલે, તે પહેલાં તેઓ પણ ગોશાલકની આંખમાંથી નીકળતી પીંગળી જ્વાલાઓમાં ભસ્મીભૂત! વાતાવરણ એકાએક ગંભીર બની ગયું. આખરે એ સ્થાન લેવા આવતા બીજા મુનિઓને પાછળ રાખી, શ્રમણ ભગવાન મહાવીરે એ સ્થાન લીધું.

ગોશાલકે પોતાના એકમાત્ર પ્રતિસ્પર્ધીને નીરખ્યા. એનામાં અજબ ઝનૂન વ્યાપી રહ્યું. એ સાત–આઠ કદમ પાછો હઠયો; મોટી આંખોને વિશેષ વિસ્તીર્ણ કરી. તરત જ સળગતી આગનું વર્તુલ શ્રમણ મહાવીરના દેહને વીંટી વળેલું દેખાયું.

'તેજોલેશ્યા! હા, હા, હા! મહાવીર! હવે માંડ છ મહિના કાઢીશ!' ગોશાલકે આકાશને વીંધતું અટ્ટહાસ્ય કર્યું. પણ બીજી પળે તેણે આશ્ચર્ય સાથે જોયું કે પેલું તેજ–વર્તુલ મહાવીરના દેહમાં પ્રવેશ કરવાને બદલે એમની પરકમ્મા કરી રહ્યું હતું!

અને ગોશાલક આ અજબ ઘટના અંગે કંઈક વિચારે એ પહેલાં એ તેજવર્તુલ પાછું ફર્યું, એની તરફ ધસ્યું ને એના જ દેહમાં સમાઈ ગયું. ક્ષણમાત્રમાં તો દેખાવડો ગોશાલક બિહામણો બની ગયો.

મહાવીરે તો એ જ સ્વસ્થતાથી કહ્યું: 'ગોશાલક! હાથનાં કર્યાં આખરે હૈયે વાગ્યાં! મારે હજી સોળ વર્ષ સુધી આ દેહ–ભાર વેંઢવાનો છે. પણ તારે માટે તો માત્ર સાત રાત્રિ–દિવસ બાકી છે. બધું ભૂલી જા! અસારને સાર ન માની લે. એક માત્ર આત્માની ચિંતા કર! એક દહાડો તને મારા પર આંધળો અનુરાગ હતો. આજે તું દ્વેષમાં અંધ બન્યો છે. રાગ અને દ્વેષ તો એક ઢાલની બે બાજુ છે. વીસરી જા! સ્વસ્થ થા! શાન્ત થા!'

મુમુર્ષુ સર્પની જેમ કાતિલ નજર કરતો, ગોશાલક પાછો ફર્યો. દેહ પર દવ પ્રગટયો હતો. સાતમે દિવસે ગોશાલક મૃત્યુ પામ્યો. શ્રમણ મહાવીર શ્રાવસ્તી છોડી ગયા.

**એક વાર ભગવાન મહાવીરના** અનન્ય ભક્ત મગધરાજ બિંબિસારે પ્રશ્ન કર્યો: 'પ્રભો! મારી શી ગતિ થશે?'

'નરકગતિ,' રાજવી શિષ્યની શેહ રાખ્યા વગર ગુરુએ કહ્યું.

'અને ગોશાલકની?'

'સદ્ગતિ!'

રાજાજી મૂંઝાઈ ગયા. એમણે પ્રશ્ન કર્યો: 'પ્રભો! આપના ભક્તોને નરક અને આપના નિંદકોને સ્વર્ગ? આ તે કેવો ન્યાય!'

'અદલ ન્યાય! છેલ્લી પળે એને મારી શિખામણ સાચી લાગી, અને મૃત્યુની અંતિમ પળો ઉજમાળ કરી. રાજન્! જીવનમાં સાધનાની કિંમત છે, સ્નેહની નહિ,' ભગવાન મહાવીરે સ્પષ્ટ કહ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમરાઈચ્ચ-કહા

## [ પરિચય ]

[ ગતાંકથી પૂર્ણ ]

લેખક :—પૂજ્ય પં. શ્રી. ધુરંધરવિજયજી

**નવમો ભવ—**

गुणचंद–वाणमंतर, जं भणियमिहासि तं गयमियाणिं ॥
वोच्छामि जमिह सेसं, गुरूवएसाणुसारेणं ॥ १ ॥

**ઉજ્જયિની** નગરી છે. પુરુષસિંહ રાજા છે. સુન્દરી મહારાણી છે. ગુણચંદ્રનો આત્મા મહારાણીની કુક્ષિએ જન્મ લે છે. આ જન્મ લેવાનું તે આત્માને છેલ્લું છે. રાજપુત્ર—જન્મોચિત સર્વ કાર્યો ઉત્તમ પ્રકારે કરે છે ને પુત્રનું નામ ' સમરાદિત્ય ' રાખવામાં આવે છે.

વાનમંતરનો જીવ નરકમાંથી નીકળી પરિભ્રમણ કરતો ગ્રન્થિકને ત્યાં યક્ષદેવાની કુક્ષિએ પુત્રપણે જન્મે છે ને ' ગિરિષેણ ' એવું તેનું નામ પાડવામાં આવે છે. અનેક ભવોથી આત્માને સંસ્કારિત કરતા સમરાદિત્યના આત્માનું વલણ આ ભવમાં સતત ધર્મ તરફ જ રહે છે. સંસારની કે રંગરાગની વૃત્તિ કે વાત તેને જરી પણ રુચતી નથી. રાજા વગેરે મોહવશ ઇચ્છે છે કે કુમાર ભોગવિલાસમાં રક્તને સક્ત બને તો સારું. તે માટે અશોક વગેરે એવા મિત્રોને પણ કહી રાખે છે કે તમે કુમારની ચિત્તવૃત્તિને મોહિત કરો, પરંતુ તે મિત્રો પણ કુમારના પરિચયથી ને પ્રભાવથી ઊલટા તેના મતમાં મળી જાય છે. રાજા પ્રસંગે પ્રસંગે ઘણી ઘણી મોહક સાધનસામગ્રી કુમાર માટે યોજે છે પણ તેમાં તેનું મન લલચાતું નથી તે તો વૈરાગ્ય તરફ વધુ ને વધુ ખેંચાતો જાય છે. અહીં કુમારના વર્તનમાં ખરેખર દેખાઈ આવે છે કે—

विकारहेतौ सति विक्रियन्ते, येषां न चेतांसि त एव धीराः ॥

—વિકારના કારણો છતાં જેઓનાં મન વિકારને પામતાં નથી તેઓ જ ખરેખર ધીર છે.

વ્યાધિ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ એ ત્રણ કેવાં અપ્રતિકાર્ય છે તેનું ચિત્રણ એટલું સુન્દર છે કે ચિત્તફલક પર એ ચિત્રણ ચડયા પછી નથી તો ઝાંખું પડતું કે નથી તો દૂર ખસતું. પિતાના આગ્રહથી કુમાર વિલાસવતી અને કામલતા નામે બે રાજકુમારીઓ સાથે વિવાહ કરે છે. કુમારને આકર્ષવાને બદલે બન્ને કુમારીઓ કુમારના વિચારમાં રંગાઈ જાય છે. વિષયાધીન આત્માના વિરૂપ વિપાકનું જે વર્ણન કુમારે તે બન્નેને કહ્યું તેની ઊંડી અસર તેના ઉપર પડી અને યાવજ્જીવ બ્રહ્મચર્યવ્રતનું પરિપાલન કરવાનો સર્વેએ દૃઢ નિશ્ચય કર્યો. દેવોએ પણ તેઓના તે નિર્ણયને અનુમોદ્યો. રાજા-રાણી પણ છેવટે હર્ષિત થયાં. તેઓ પણ કુમાર પાસે ગયાં ને કુમારની વાત સાંભળીને સંવેગ તરફ આકર્ષાયાં. સંસારની વિચિત્રતાઓની પરંપરા જ્યારે કુમાર જણાવે છે ત્યારે ભલભલાને એમ થઈ જાય છે કે આ સંસાર ખરેખર, અસાર ને દુઃખનો ભંડાર છે. પરિણામે કુમાર માતા–પિતા સ્ત્રીઓ, મિત્રાદિ સર્વ સ્વજન-સંબંધીઓ સાથે પ્રભાસ–આચાર્ય મહારાજ પાસે મહામહોત્સવ પૂર્વક સંયમ સ્વીકારે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



